Extra No. 157

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 6, 2026 / ASHADHA 15, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૨૩મી જૂન, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન૩૭)/વીએટી૨૦૨૬/એસ.૫(૨)(૬૩)/ઠ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Government Notification, Finance Department

No. (GHN-35) VAT-2006/S.5(2) (1)-TH, dated the 31st March, 2006

નાણા વિભાગના તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૦૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬/એસ.૫ (૨) (૧)-ઠ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩ મી જૂન, ૨૦૨૬

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩

ક્રમાંક: (જીએચએન-૩૭)/વીએટી-૨૦૨૬/એસ.૫ (૨) (૬૩)/ ઠ :- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે; તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩(સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫૧ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬ ના સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-એસ.૫ (૨)(૧)-ઠ, નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૧૯ ની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી.

નોંધ ક્રમાંક	વેચાણો અથવા ખરીદીઓનો વર્ગ	સમગ્ર વેરો અથવા તેના કોઈ ભાગમાંથી મુક્તિ	નિયંત્રણ અને શરતો, કોઈ હોય, તો તે-
૧	૨	૩	૪
“૧૨૦	ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૨૦.૧૨.૨૦૨૫ના હુકમ ક્રમાંક. જીએચજી/૧૬૫/૨૦૨૫/વીડીઆર/ ૧૦૨૦૨૦/૯૭૭/ઈ.૧ મુજબ આપેલું માન્ય એફ.એલ. ૩ લાયસન્સ ધરાવતા હોય તેવા રજિસ્ટર થયેલા વેપારી(ડીલર) દ્વારા માનવ વપરાશ માટેના આલ્કોહોલયુક્ત દારૂ (અધિનિયમની અનુસૂચિ ૩ની નોંધ ૭ હેઠળ આવરી લીધેલ) (“વિદેશી દારૂ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)નું વેચાણ.	વેરાની રકમ રૂપિયે પચ્ચીસ પૈસા કરતા વધુ હોય તેટલે સુધી .	આ મુક્તિ ગીફ્ટ સિટી, ગાંધીનગર-ના વિસ્તારની અંદર વાઈન અને ડાઈન ફેસિલિટીના મંજૂર થયેલા વિસ્તારમાં વપરાશ માટે ગ્રાહકને આપવામાં આવતા વિદેશી દારૂને લાગુ પડશે.”

આ જાહેરનામાની જોગવાઈઓ, આ જાહેરનામું બહાર પાડ્યાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કેતન. એચ. સુથાર,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.22 21:39:33 IST